મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી (વર્ગ-૧)
બહુમાળી મકાન, સી-બ્લોક, છઠ્ઠો માળ, નાનપુરા, સુરત
ફોન નં.(ફેક્સ નં) :- (૦૨૬૧) ૨૪૭૬૧૮૧
E-mail Address :- vosurat@gmail.com

आज़ादी का अमृत महोत्सव

જા.નં.મક/આવિ/સાયકલ/૪૬૨૮ થી ૪૬૩૦/૨૦૨૫-૨૬ તા.૧૯/૦૯/૨૦૨૫

**અગત્યનું/સમયમર્યાદા**

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિ. સુરત.

**વિષય:** -શાળા કક્ષાએથી અનુસુચિત આદિજાતિની વિદ્યાર્થીનીઓની સાયકલ માટેની દરખાસ્તનો નિકાલ કરાવવા બાબત

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારની યોજનાઓ અંતર્ગત ધોરણ- ૯ અને ૧૦ માં અભ્યાસ કરતી અનુ.જન જાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારશ્રી દ્વારા વિદ્યા સાધના યોજનાનો લાભ આપવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ તેમજ ૨૦૨૫-૨૬ ની સાયકલનું વિતરણ કરવાનું હોઈ શાળાઓને દિન-૨માં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અથવા વિદ્યાર્થીનીનો જાતિનો દાખલો તેમજ પિતાનો આવકનો દાખલો વિદ્યાર્થીનીઓના પુરાવા તરીકે અત્રેની કચેરીને રૂબરૂ અથવા vosurat@gmail.com પર મેઈલ કરી અત્રેની કચેરીને મળી રહે તે માટે આપશ્રી દ્વારા આપના તાબા હેઠળની શાળાઓને જરૂરી સુચના આપવા વિનંતિ છે. જેથી સાયકલ વિતરણ ની કાર્યવાહી સત્વરે થઇ શકે. જો આપેલ સમયમર્યાદામાં શાળા કક્ષાએથી વિદ્યાર્થીનીઓની અરજી ઓનલાઈન અથવા અત્રેની કચેરીને રૂબરૂ મોકલવામાં નહી આવે અને અનુ.જન જાતિની વિદ્યાર્થીની સાયકલના લાભથી વંચિત રહેશે તો સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્ય શ્રીની રહેશે.

વધુમાં જણાવવાનું કે, આપના કાર્યાલય ક્ષેત્ર અંતર્ગત આવતી ધોરણ- ૯ અને ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓની શાળા દીઠ સંખ્યા મોકલી આપવા આપ સાહેબશ્રીને વિનંતિ છે.

<u>નકલ સવિનય રવાના</u>

(૧)માન. નિયામકશ્રી, આદિજાતિ વિકાસ ગુજરાત રાજ્ય, ગાંધીનગર જાણ સારું.
(૨)માન. પ્રાયોજના વહીવટદારશ્રી, ટ્રાયબલ એરીયા સબ પ્લાન , માંડવી તરફ જાણ સારું..

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ સુરત